# ભાડે કાર રાજકોટ લઈ જઈ વેંચી નાખતો શાપરનો યુવાન ઝડપાયો

રાજકોટ: જૂનાગઢમાં રહેતા અને અભ્યાસ કરતા યુવાને એક શખ્સને કાર ભાડે આપી હતી. બાદમાં બગડુના શખ્સે કાર રાજકોટ લઈ જઈ ગુમ કરી દીધી હતી અને કાર પરત જોઈતી હોય તો ૨.૫૦ લાખ રૂપીયા માંગ્યા હતા નહીતર કાર પરત નહી કરે એવી ધમકી આપી હતી. પોલીસે આ મામલે શાપર વેરાવળના શખ્સને કાર સાથે પકડી લઈ પૂછપરછ કરતા આ શખ્સે રાજકોટના સાગરીત સાથે મળી આ કૌભાંડ કર્યાની કબુલાત આપી હતી.

મુળ સિહોર તાલુકાના મોટા સુરકા ગામના અને હાલ જૂનાગઢની જલારામ સોસાયટીમાં રહેતા અને અભ્યાસ કરતા હરપાલસિંહ નવલસંગ ચૌહાણે તેના પિતાના નામની ૨૭-૧-૨૦૨૬ના ભાવનગર ખાતેથી કાર લીધી હતી. જે ભાડે આપવા ઈન્સ્ટાગ્રામ પર પેઈજ બનાવ્યું હતું. તેમાં તેના મિત્ર કુંજના નંબર આપ્યા હતા. ગત તા.૧ના બગડુના યશ જશાભાઈ લાબરીયાએ તેના કાકાને કેન્સરની સારવાર માટે રાજકોટ લઈ જવા કાર ભાડે લઈ જવાનું કહ્યું હતું આથી ૨૫૦૦ રૂપીયા ભાડામાં કાર આપી હતી. તા.૧ના સાંજે કારની કનેક્ટ એપમાં કાર ટોઈંગ થયાનો મેસેજ આવ્યો હતો. યશ લાબરીયાને ફોન કરતા તેણે પોતાનો ભાઈ કાર લઈ જમવા લેવા ગયો હોવાનું કહ્યું હતું. ત્યારબાદ યશનો ફોન બંધ થઈ ગયો હતો. તા.૨ના હરપાલસિંહ તથા તેના મિત્રો રાજકોટ કારની તપાસ કરવા ગયા હતા પરંતુ ક્યાંય કાર મળી ન હતી. હરપાલના મિત્ર પિયુષભાઈએ યશને ફોન કરી વાત કરતા યશ લાબરીયાએ કાર જોઈતી હોય તો મારા શેઠ સાથે વાત કરો તેમ કહી યશે કોઈ વ્યક્તિને કોન્ફરન્સમાં લીધો હતો. તેણે કાર પરત જોઈતી હોય તો ૨.૫૦ લાખ રૂપીયા આપવા પડશે નહીતર કાર નહી મળે તેમ કહ્યું હતું. આ અંગે ફરિયાદ કરતા સી ડીવીઝન પોલીસે તપાસ શરૂ કરી રાજકોટથી શાપર વેરાવળના યશ જશા લાબરીયાને પકડી લઈ પૂછપરછ કરતા તેણે રાજકોટના મનિષ કાળુ સભાડ સાથે મળી આ કાર ભાડે કરી હતી અને તેને પરત જોઈતી હોય તો અઢી લાખ રૂપીયા માંગ્યા હતા. આવી રીતે સાતેક માસ પહેલા ગોંડલના અરમાન મીરના કહેવાથી રાજકોટના કેવલ બારોટની કાર ભાડે કરી હતી બાદમાં પરત કરી ન હતી. આ મામલે યશ અને અરમાન વિરૂધ્ધ રાજકોટ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઈ હતી. હાલ પોલીસે મનિષ કાળુ સભાડને પકડવા તજવીજ હાથ ધરી છે.

# સગીરા પર દુષ્કર્મના કેસમાં ૯૦ ટકા દિવ્યાંગ આરોપીને કોર્ટે ૨૦ વર્ષની સજા ફટકારી

રાજકોટ:ધોરાજીની સરકારી વકીલ કાર્તિકેય પારેખે જણાવ્યું હતું કે ધોરાજી સેશન્સ કોર્ટે દુષ્કર્મના એક ગંભીર કેસમાં બંને પગેથી ૯૦ ટકા દિવ્યાંગ આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

ધોરાજીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલ્લા શેખે બંને પગેથી ૯૦ ટકા દિવ્યાંગ અને ચાલવામાં અત્યંત અશક્ત એવા સુરેશ દલસિંગને સગીર વયની દીકરી સાથે દુષ્કર્મ કરવાના ગુનામાં તકસીરવાન ઠરાવી ૨૦ વર્ષની સજા તથા દંડ ફટકાર્યો છે. આ કેસની હકીકત મુજબ ભોગ બનનારની માતાએ ફરિયાદ નોંધાવી હતી કે તેઓ મૂળ દાહોદ જિલ્લાના રહેવાસી છે અને હાલ રાજકોટ જિલ્લામાં ઝૂંપડામાં રહે છે. ભોગ બનનાર બજારમાં ગઈ હતી ત્યારે આરોપીએ તેને ફોસલાવી બદકામના ઈરાદે



અપહરણ કર્યું હતું. આ અંગે ભાયાવદરમાં ફરિયાદ નોંધાતાં જ તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર વી.સી. પરમારે ગુનો નોંધાવી આરોપીને ઝડપી લીધો હતો. આ કેસમાં સુનિલ હિમસિંગ નામના શખ્સે અપહરણમાં મદદ કરી હોવાનું બહાર આવતા તેની સામે પણ ગુનો દાખલ કરાયો હતો, જો કે તે હાલ નાસ્તા ફરતો હોવાનું જણાવાયું છે.

ભોગ બનનારને ઉપલેટાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ડી.વાય. પટેલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી, જ્યાં તેણીએ જણાવ્યું હતું કે આરોપીએ સ્કૂલે જતી વખતે તેને પ્રેમના નામે ફોસલાવી હતી. ભોગ બનનાર માત્ર ૧૫ વર્ષથી ઓછી ઉંમરની હતી અને પ્રેમનો અર્થ પણ જાણતી નહોતી. આરોપીએ તેને લલચાવી તેની ઈચ્છા વિરુદ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આરોપી તરફે દલીલ કરવામાં આવી હતી કે તે ૯૦ ટકા દિવ્યાંગ હોવાથી દુષ્કર્મ કરવા સક્ષમ નથી. તેના જવાબમાં સરકાર પક્ષે એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર કાર્તિકેય પારેખે દલીલ કરી હતી કે દુષ્કર્મ માત્ર શારીરિક નહીં પરંતુ માનસિક પ્રક્રિયા પણ છે અને ડોક્ટરની મેડિકલ રિપોર્ટ મુજબ આરોપી શારીરિક સંભોગ કરવા સક્ષમ છે. પુરાવા અને દલીલોને ધ્યાને લઈ કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવી સજા ફટકારી હતી તેમજ વળતર ચૂકવવાનો આદેશ કર્યો હતો.

# રાજકોટમાં વધુ એક યુવાનનું હાર્ટ એટેકથી મોત

રાજકોટ:રાજકોટ શહેરના રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે તુલસી એપાટમેન્ટમાં રહેતા કમલેશ રમેશભાઈ જેઠાણી (ઉ.વ.૩૭) પોતાના ઘરે પાણી પીવા ઉભા થાય બાદ અચાનક ઢળી પડતા તેમને બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમને ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યા હતા. આ બનાવ અંગે સ્થાનિક પોલીસને જાણ કરતા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં કમલેશ નાઈટ ડ્રેસનો વેપાર કરતો હોવાનું અને બે ભાઈમાં નાનો હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે પ્રાથમિક તબીબી રિપોર્ટ મુજબ યુવકનું હાર્ટએટેકથી મોત થયાનું સામે આવ્યું છે.

**પત્નીના ઓપરેશન માટે વ્યાજે પૈસા લેનાર રિક્ષાચાલકને વ્યાજખોરોએ માર માર્યો**

મિલનભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૬ મહિના પહેલાં પત્નીનાં ઓપરેશન માટે પૈસાની જરૂરીયાત પડતાં આફતાબ પાસેથી રૂ.૨૫ હજાર ૨૦% વ્યાજે લીધા હતા. અત્યાર સુધી વ્યાજ અને પેનલ્ટી મળી રૂ.૫૫ હજાર ભરી દીધા છે. બીજા આરોપી અસલમ પાસેથી રૂ.૩૫૦૦૦ ૨૦% વ્યાજે લીધા હતા તેને પણ વ્યાજ અને પેનલ્ટી સહિત રૂ.૪૫૦૦૦ આપી દીધા છે આમ છતાં પઠાણી ઉઘરાણી કરે છે. ગઈ તા.૦૨.૦૨.૨૦૨૬ના રોજ બપોરે પેસેન્જરને મુકવા રેલવેસ્ટેશને ગયા હતા ત્યારે આફતાબનાં ભાઈ સદામ અને અજાણ્યા શખ્સે જેમ ફાવે તેમ બોલી, ગડદા-પાટુનો માર માર્યો હતો. સાથોસાથ ધમકી આપી હતી કે, પૈસા આપી દેજે બાકી પાછા પકડીને મારશું. આ રીતે અવાર-નવાર હેરાન કરતા હોવાથી ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે, આરોપી સદામ અને અસલમ ભગવતીપરામાં સુખસાગર હોલ પાસે રહે છે. હાલ પ્રદ્યુમનનગર પોલીસે મનીલેન્ડ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ટ્રાફિક વોર્ડનનું અપહરણ કરી માર માર્યો

રાજકોટ:સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આવેલા વીર હનુમાનજી ટાઉનશીપ પાસે રહેતાં ધ્રુવીલ વિષ્ણુસ્વામી (ઉ.વ.૨૩) ગઈકાલે રાત્રે ૧૧ વાગ્યે સ્પીડવેલ ચોક પાસે હતો ત્યારે હુડકો ચોકડી પાસે રહેતાં જીત અગ્રાવત અને તેમની સાથેના શખ્સોએ બાઈકમાં બેસાડી ઢેબર રોડ પર આવેલા નાગરિક બેંક સામે પાક'ગમાં લઈ જઈ ૧૦ જેટલા શખ્સોએ બેફામ માર મારતાં ધ્રુવીલને માથે, મોંઢે અને આંખ પાસે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ધ્રુવીલે જણાવ્યું હતું કે પોતે સેકટર-૩માં ટ્રાફીક વોર્ડન તરીકે ફરજ બજાવે છે અને તેમણે હુડકો ચોકડી પાસે રહેતાં જીત અગ્રાવત પાસેથી સ્વીફ્ટ કાર ભાડે લીધી હતી.

# ઓસ્ટ્રેલિયા રહેતો યુવક પીઆર માટે રાજકોટના તાંત્રિકની જાળમાં ફસાયો, રૂ. ૨૪.૨૩ લાખ ગુમાવ્યા

રાજકોટ:રાજકોટમાં રહેતા તાંત્રિકે વિધિના બહાને અમદાવાદના વતની અને ઓસ્ટ્રેલિયા રહેતા યુવક પાસેથી રૂ.૨૪.૨૩ લાખ પડાવ્યા હતા અને વધુ પૈસા પડાવવા ધમકી આપી હતી. અમદાવાદમાં બોડકદેવ વિસ્તારમાં રહેતા જયંતીલાલ ભુરાજી પરમાર (ઉ.વ.૫૫)એ રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ગુંદાવાડીના સતિષ રામજી ધામીનું નામ આપ્યું હતું.

જયંતીલાલે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમનો મોટો દીકરો અંકિત ઓસ્ટ્રેલિયા રહે છે અને તેને પરમેનન્ટ રેસિડેન્સી (પીઆર)ની સમસ્યા હતી તેમજ જયંતીલાલના પત્ની જયશ્રીબેનને પગમાં દુખાવો રહેતો હતો.



આ બાબતે અંકિતે ઓસ્ટ્રેલિયામાં તેની સાથે રહેતા પાર્થ ચોવટિયાને વાત કરતાં તેણે રાજકોટમાં સતિષ ધામી ચમત્કારિક તાંત્રિક છે અને તેની પાસે વિધિ કરાવવાથી તમામ સમસ્યાનો અંત આવી જાય છે

તેવી વાત કરતાં અંકિતે ઓસ્ટ્રેલિયાથી વિડીયો કોલ કરી તાંત્રિક સતિષ ધામીનો સંપર્ક કર્યો હતો અને સતિષ ધામીએ વિધિ માટે ખર્ચ થશે તેમ કહી પૈસાની માગ કરતાં અંકિતે રૂ.૧૭,૨૩,૧૧૨ બેંકમાં ટ્રાન્સફર કરાવ્યા હતા. ત્યારબાદ પણ સમસ્યાનો અંત નહી આવતાં સતિષ ધામીએ વધુ પૈસા માગ્યા હતા અને ફરીથી અંકિતે રૂ.૫,૦૦,૪૦૦ આપ્યા હતા, રૂ.૨૨ લાખથી વધુ રકમ આપી દેવા છતાં કામ નહી થતાં અંકિત અને તેના માતા-પિતા સહિતનાઓ અમદાવાદથી રાજકોટ આવ્યા હતા, સતિષે ફરીથી પૈસાની માગ કરી હતી.

પૈસા આપવા છતાં કામ નહી થયાનું પરમાર પરિવારે કહેતા સતિષે ધમકી આપી હતી, ધમકીથી ડરી પરમાર પરિવારે રૂ.૨ લાખ પણ ચુકવ્યા હતા, જોકે બાદમાં તેમને પોતાની સાથે છેતરપિંડી થયાનું સ્પષ્ટ થતાં ફરિયાદ નોંધાવી હતી.

# જેતપુરમાં 'કેપ્ટો' ડોગે ગાંજાનું નેટવર્ક ઝડપી પાડ્યું

## બાવાવાળાપરામાંથી મહિલા સહિત બે શખ્સો ઝબ્બે, વીરપુરના સાધુની સંડોવણી ખૂલી

જેતપુર:જેતપુરમાં નશાના કારોબાર પર પોલીસે તવાઈ બોલાવી છે. જેતપુર સીટી પોલીસે 'કેપ્ટો' નામના લેબ્રોડોર ડોગની મદદથી બાવાવાળાપરા વિસ્તારમાં દરોડો પાડીને ઘરમાં સંતાડેલા ગાંજાના જથ્થા સાથે એક મહિલાને ઝડપી પાડી છે. આ પ્રકરણમાં મહિલા, તેના પ્રેમીના સસરા અને વીરપુરના એક સાધુની ચેઈન ખૂલતા ચકચાર મચી જવા પામી છે. બનાવની વિગત એવી છે કે, જેતપુર સીટી પોલીસ મથકના પ્રોબેશનરી આઈ.પી.એસ. પ્રખર કુમારના માર્ગદર્શન હેઠળ પી.આઈ. એ.ડી. પરમાર અને તેમની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજાને બાતમી મળી હતી કે બાવાવાળાપરામાં બોખલા દરવાજાથી ટાકુડીપરા જવાના રસ્તે રહેતી શરદબેન દિનેશભાઈ લણાગરીયા નામની મહિલાએ પોતાના મકાનમાં ગાંજાનો જથ્થો



સંતાડ્યો છે. બાતમીના આધારે પોલીસે રાજકોટ ગ્રામ્યના ડોગ હેન્ડલર એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ રાયજાદા અને તેમના ટ્રેઈન્ડ લેબ્રોડોર ડોગ 'કેપ્ટો' સાથે મહિલાના ઘરે દરોડો પાડ્યો હતો. પોલીસ મકાનની તલાશી લઈ રહી હતી ત્યારે 'કેપ્ટો' ડોગ રૂમમાં બારી અને સિંગલ બેડની વચ્ચે પડેલી કાળા કલરની થેલી પાસે જઈને ભસવા લાગ્યો હતો અને પગ પછાડી ઈશારો કર્યો હતો. પોલીસે તે થેલી તપાસતા તેમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ મળી આવ્યો હતો. સ્થળ પર એફ.એસ.એલ.ની મોબાઈલ વાન બોલાવી ખરાઈ કરતા આ પદાર્થ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે શરદબેન પાસેથી ૯૧૪ ગ્રામ ગાંજો (કિંમત રૂ. ૪૫,૭૦૦) કબજે કર્યો હતો. મહિલાની પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે આ ગાંજો તેના પ્રેમીના સસરા હનીફભાઈ સીતારભાઈ રફાઈ (રહે. જેતપુર) લઈ આવ્યા હતા. પોલીસે હનીફભાઈની પણ ધરપકડ કરી હતી. વધુમાં હનીફભાઈએ આ જથ્થો વીરપુરના એક સાધુ પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે તે સાધુને વોન્ટેડ જાહેર કરી શોધખોળ હાથ ધરી છે. જેતપુર સીટી પોલીસે શરદબેન અને હનીફભાઈ વિરુદ્ધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી) અને ૨૦-બી મુજબ ગુનો નોંધી, મુખ્ય સપ્લાયર સાધુને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# છૂટાછેડાના ૧૩.૭૫ લાખ માતાને સાચવવા આપ્યા બાદ પરત ન આવતા ત્યકતાએ ફિનાઈલ પીધુ

રાજકોટ:વાવડી ગામે રહેતી ૨૦ વર્ષીય વૈશાલી વીનોદભાઈ ગોહીલએ ગઈકાલે સાંજના સમયે તેમના માતાના ઘરે કોઠારિયા સોલવન્ટ હાઉસિંગ બોર્ડના કવાર્ટરે હતી ત્યારે ફિનાઈલ પી લેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. આ ઘટનાની જાણ સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરતા પોલીસે યુવતીનુ નિવેદન નોંધવા તજવીજ શરૂ કરી હતી. પોલીસ પુછપરછમાં યુવતીએ આક્ષેપ સાથે જણાવ્યુ હતુ કે, તેમના લગ્ન બે વર્ષ પહેલા થયા હતા તેમને સંતાનમાં એક દીકરો છે. પતિ સાથે અણબનાવ થતા છ મહિના પહેલા છૂટાછેડા લીધા હતા.

છૂટાછેડા અને ભરણપોષણના કેસમાં આવેલા રૂ.૧૩.૭૫ લાખ જેતે સમયે માતાને સાચવવા આપ્યા હતા ત્યારબાદ થોડા દિવસ પહેલા પૈસાની જરૂર પડતા માતા પાસે પૈસા માંગ્યા હતા ત્યારે તેમણે પૈસા આપવાની ના પાડી દેતા વૈશાલીએ આ પગલુ ભરી લીધુ હોવાનું સામે આવ્યું છે.

# મહિલા મિત્રે પૈસા પરત ન આપતા સાડીની વેપારીએ ફરિયાદ નોંધાવી

રાજકોટ:શહેરના કોઠારિયા રોડ કૈલાસપાર્ક-૩માં રહેતા જયાબેન રમેશભાઈ ગરનારા (ઉં.વ.૫૭) દ્વારા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે ૧૫૦ ફૂટ રિંગ રોડ અરાઈઝ-૨માં રહેતી પ્રીતિ બીપીનભાઈ કારેલીયાનું નામ આપ્યું હતું. જયાબેન સાડીનો વેપાર કરે છે. સાડીનો જ વેપાર કરતી પ્રીતિને તેણી ૨૦ વર્ષથી ઓળખે છે. આ પ્રીતિ અવારનવાર તેની પાસેથી હાથ ઉછીના પૈસા લઈ જતી હોય જેથી વર્ષ ૨૦૧૯માં તેના હસ્તક હંકારવા આપેલી તેની જ શેરીમાં રહેતા ભીમજીભાઈ રાઠોડની કારનું અકસ્માત થતા પ્રીતિ તેની પાસેથી ૧.૧૦ લાખ હાથ ઉછીના લેવા આવી હોય પૈસાની સગવડતા ન હોય તેથી પોતે પોતાના દાગીના મુથુટમાં મૂકી તેણીને ૧.૧૦ લાખ ઉછીના આપ્યા હતા. એક વર્ષ પછી તેણીને ઘરેણા છોડાવવા રૂપિયાની માંગણી કરતા તેણીએ સગવડતા ન હોવાનું કહેતા લોન રીન્યુ કરાવી હતી. અંતે મુથુટ ફાઈનાન્સમાં તેના ઘરેણાની હરાજી થઈ જતા તેણીને ફરી પૈસાની જરૂર પડતાં તે રૂ.૩.૦૫ લાખ હાથ ઉછીના લઈ ગઈ હતી. આ ઉપરાંત પ્રસંગમાં ઘરેણા પહેરી જવાનું કહી ઘરેણા પરત ન આપી તથા કરિયાણા અને અલગ અલગ બહાના કાઢી કુલ રૂ.૬.૩૧ લાખ પડાવી જઈ ઠગાઈ આચરતા તેણીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ૧૦૦૦ દીકરીઓ ખરાબ ભોજન, બંધ લિફ્ટ અને સફાઈના અભાવથી પરેશાન



રાજકોટ:રાજકોટની સમરસ હોસ્ટેલ ફરી વિવાદમાં આવી છે. અગાઉ બોયઝ હોસ્ટેલમાં ખરાબ ભોજન અને સફાઈનો અભાવ સહિતની સમસ્યાઓ હતી, ત્યારે હવે ગર્લ્સ હોસ્ટેલમાં આ જ પ્રકારની સમસ્યા સામે આવી છે. જેને લઈને બુધવારે રાત્રે છમ્ફ઼ના કાર્યકર્તાઓ ગર્લ્સ હોસ્ટેલ ખાતે પહોંચી ગયા હતા અને હલ્લાબોલ કર્યો હતો. આ તકે વિદ્યાર્થિનીઓએ 'હમ ભારત કી નારી હૈ, ફૂલ નહીં ચિનગારી હૈ'ના નારા લગાવ્યા હતા.

ABVPના રાજકોટ મહાનગર સહમંત્રી ઓમ સોલંકીએ જણાવ્યું હતું કે, શહેરના યુનિવર્સિટી રોડ ઉપર આવેલી સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ૧૦૦૦ જેટલી દીકરીઓ છે. આ સરકારી હોસ્ટેલમાં વિદ્યાર્થિનીઓને ભોજન અને રહેઠાણની સુવિધા આપવામાં આવે છે. જોકે આ હોસ્ટેલમાં ભોજનમાં જીવાત અને સફાઈનો અભાવ જોવા મળે છે. આ સાથે જ અહીં લિફ્ટ બંધ હોવાનો આક્ષેપ છે તો સાથે જ પીવાનું પાણી પણ ખરાબ આવતું હોવાની ફરિયાદ છે. વિદ્યાર્થિનીઓએ પોતાની ફરિયાદ રેકટરને કર્યા બાદ પણ સમસ્યાનો કોઈ ઉકેલ ન આવતા બુધવારે રાત્રે ABVPના કાર્યકર્તાઓને બોલાવવામાં આવ્યા હતા અને તેમના દ્વારા હોસ્ટેલ ખાતે વિદ્યાર્થિનીઓને સાથે રાખી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓ ધરણા પર બેસી ગઈ અને ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

# રાજકોટમાં ૧૩૦ કિલો ચાંદીની ચોરીથી ખળભળાટ: વેપારીના ૧.૬૨ કરોડથી વધુના ઘરેણાં લઈ તસ્કરો ફરાર, તપાસ શરૂ, જાણભેદુ હોવાની આશંકા

રાજકોટ:રાજકોટ શહેરના સામાં કાંઠા વિસ્તારમાં આવેલ પેડક રોડ પર ચંપકનગર શેરી નંબર-૧માં રહેણાંક મકાનમાંથી ૧.૬૨ કરોડ કિંમતના ૧૩૦ કિલોથી વધુ ચાંદીના ઘરેણાં ચોરી થયાની ઘટના સામે આવી છે. ચોરીના બનાવ અંગે જાણ થતા બી ડિવિઝન પોલીસ, ક્રાઈમ બ્રાન્ચ, LCB ઝોન વન ટીમ તેમજ ઈન્ચાર્જ સીપી અને ડીસીપી કક્ષાના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરતા રાત્રીના ૨થી ૨.૩૦ વાગ્યા આસપાસ ત્રણ જેટલા શખ્સો આવી ચોરીને અંજામ આપી કારમા ઘરેણાં ભરી નાસી ગયા હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત કોઈ જાણભેદુ હોવાની શંકા આધાર પણ પોલીસે તપાસ શરૂ કરી છે અને ઘરના ઉપરના માળે રહેતા પરિવારને પણ પોલીસ સ્ટેશન લઈ જઈ પોલીસ દ્વારા પુછપરછ શરૂ કરવામાં આવી છે.





મળતી વિગતો અનુસાર, તસ્કરોએ રાત્રીના અંધારાનો લાભ લઈને વેપારીના પરિચિતના ઘરમાં પ્રવેશ કર્યો હતો અને રાતના ૨થી ૨.૩૦ વાગ્યા આસપાસ ફોર વ્હીલમાં ત્રણ જેટલા તસ્કરોએ આવીને ૧ કરોડથી વધુની કિંમતના ચાંદીના દાગીના ચોરી કરી ગયાનું સામે આવ્યું છે. ચોરીની જાણ થતાં જ અતુલભાઈ પટેલે તાત્કાલિક ધારાસભ્ય ઉદય કાનગડને જાણ કરી હતી, જે બાદ પોલીસની ઉચ્ચ અધિકારીઓ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

રાજકોટના ઝોન વન ડીસીપી હેતલ પટેલે ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ફરિયાદી અતુલ લિંબાભાઈ ગુસા, જેઓ લાંબા સમયથી ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા છે, તેમના પરિચિત બિપિનભાઈના મકાનમાં (ચંપકનગર વિસ્તાર) રાખેલી આશરે ૧૨૦થી ૧૨૫ કિલોગ્રામ ચાંદીની ચોરી થઈ ગઈ છે. આ ઘટનાની જાણ થતાં જ પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી દીધી છે. પોલીસે આસપાસના વિસ્તારોમાં લગાવેલા CCTV કેમેરાની ફૂટેજ ચકાસવાનું શરૂ કર્યું છે અને ચોરોની ઓળખ તથા ધરપકડ માટે કાર્યવાહી હાથ ધરી. આ કેસમાં ઈન્ચાર્જ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ, ડીસીપી ઝોન-વન, બી ડિવિઝન પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ સંયુક્ત રીતે તપાસમાં જોડાઈ છે. પોલીસે ઘટનાસ્થળે તપાસ હાથ ધરી છે અને આસપાસના વિસ્તારોમાં ઝઝ્રફ ફૂટેજની તપાસ શરૂ કરી દીધી છે. પ્રાથમિક તપાસમાં ચોરીનું કારણ વેપારીના ચાંદીના વેપારને લગતું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ફરિયાદી અતુલભાઈ લિંબાભાઈ બુસા (ઉ.વ.૩૯)એ જણાવ્યું હતું કે, પેડક રોડ ચંપકનગર-૧ ખત્રીની વાડીની પાસે બીપીનભાઈના મકાનમાં છેલ્લા આઠ દિવસથી "શક્તિ સિલ્વર" નામની પેઢી ચલાવું છું. અમારી પેઢીમાં બે કારીગર છે, જેમની સાથે મળી અમે ત્રણેય ચાંદીના દાગીનાઓ પર જોબવર્ક કરીએ છીએ. હું ૨૦૧૯થી ચાંદીના દાગીના પર જોબવર્ક કરું છું, જેમાં હું ચાંદીના વેપારીઓ પાસેથી ઓર્ડર મેળવી તેમના ઓર્ડર મુજબ ચાંદીના દાગીના બનાવી આપુ છું. જેમાં મહિલાને પહેરવાના વીછીંયા તથા અલગ-અલગ પ્રકારના પાયલ બનાવી તેના પર જોબવર્ક કરુ છું.

ગઈકાલ તારીખ ૦૩.૦૨.૨૦૨૬ના રોજ મારે લગ્ન પ્રસંગમાં જવાનું હોવાથી સાંજે ૪.૩૦ વાગ્યે હું મારી પેઢીને તાળુ મારી ચાવી સાથે લઈ લગ્ન પ્રસંગમાં જતો રહ્યો હતો. આજરોજ સવારના હું મારા ઘરે હતો ત્યારે ૮.૪૫ વાગ્યા આસપાસ મારા કાકા જયેશભાઈ બુસાનો ફોન આવ્યો અને કહ્યું કે, તારી પેઢીના દરવાજા ખુલ્લા છે. જેથી, તરત હું ત્યાં ગયો તો ત્યાં મારા કાકા જયેશભાઈ અને બીપીનભાઈ હાજર હતા અને મેં પેઢીમાં જઈને જોયું તો પેઢીના દરવાજા પર લોખંડની જાળી હતી, તેમાં જમણી સાઈડની જાળી પરનો લોક જોવા મળ્યો ન હતો તેમજ દરવાજા પાસે આશરે બે ફુટનો લોખંડનો સળીયો જોવા મળ્યો હતો. રૂમમાં તપાસ કરતા ચાંદીના વિછીયા તેમજ સાંકળા આશરે ૫૦ ટચના તૈયાર કરેલ દાગીના પ્લાસ્ટીકના બોક્ષમાં ભરેલ હતા તે બોક્ષની ૧૧ બોરી જોવામાં આવી ન હતી, જેમાં આશરે ૧૩૦થી ૧૪૦ કિલોગ્રામ જેટલા તૈયાર ચાંદીના દાગીના હતા, જેની કિંમત અંદાજે રૂપિયા ૧,૬૨,૫૦,૦૦૦ થાય છે. જે કોઈ અજાણ્યા ચોર મારી પેઢીના જાળીના ભાગે મારેલ તાળુ તોડી ચોરી કરી લઈ ગયા છે. હાલ બી ડિવિઝન પોલીસે ગુનાની વધુ તપાસ હાથ ધરી છે.

# દારૂના ગુનામાં ફરાર હરિપર પાળનો સુનિલ પરમાર ઝડપાયો

રાજકોટ:થોરાળા પોલિસ મથકમાં નોંધાયેલ દારૂના ગુનામાં આશરે બે વર્ષથી ફરાર આરોપીને ભક્તિનગર પોલિસે ઝડપી પાડ્યો હતો. બુટલેગરને ઝડપી થોરાળા પોલિસના હવાલે કરાયો હતો. ઉચ્ચ અધિકારીઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવાની સૂચનાને પગલે ભક્તિનગર પોલિસ મથકના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ જે જે ગોહિલની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ મયુરદાન બાટી અને કોન્સ્ટેબલ યોગીરાજસિંહ જાડેજાને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે, થોરાળા પોલિસ મથકમાં નોંધાયેલ દારૂના ગુનામાં ફરાર આરોપી સુનિલ રાજેશ પરમાર હાલ ઢેબર રોડ પીડીએમ ફાટક નજીક રોકડીયા હનુમાનજી મંદિર પાસે ઉભેલ છે.